નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી
બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
Phone no. 079 232 56317 Fax no. 079 232 56308 Email: dir-sd@gujarat.gov.in

પરિપત્ર

નં.મકમ/સ.સુ.સ./૨૦૧૩-૧૪/૨૯૬૮ તા:૩૧-૦૮-૨૦૧૩

વિષય: ૧૧ માસ કરાર આધારિત કર્મચારીઓની નિમણૂંક કરવાની સત્તા સોંપવા બાબત

આથી તમામ જિ.સ.સુ.અધિકારીશ્રીઓ અને ખાતા હસ્તકની સંસ્થા /કચેરીઓના વડાઓને જણાવવાનું કે ખાતાની જિલ્લાની સરકારી કચેરીઓ/સરકારી સંસ્થાઓમાં જુદા જુદા સંવર્ગમાં ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની નિમણૂંક માટે મંજુરીઓ આપવામાં આવેલ છે. આ જગ્યાઓ પર કરાર આધારિત નિમણૂંક માટે દરખાસ્ત વડી કચેરી ને રજુ કરી નિમણૂંક માટે મંજુરી મેળવવામાં આવે છે. આ બાબતે જણાવવાનું કે કોઇપણ કરાર આધારિત નિમણૂંક કે જેની મંજુરી સરકારશ્રી તરફથી મળેલ હોય તેવી જગ્યાઓ પર ૧૧ માસ કરાર આધારિત નિમણૂંક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી આપી શકશે. આ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની અધ્યક્ષતા હેઠળ નીચે મુજબ પસંદગી સમિતી રહેશે.

(૧) અધ્યક્ષ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી.
(૨) સભ્યશ્રી, જે સંસ્થામાં નિમણૂંક હોય તે જિલ્લાની સંસ્થા/કચેરી ના વડા.
(૩) સભ્યશ્રી, જિલ્લાની અન્ય એક સરકારી સંસ્થાના વડા.

ઉપરોક્ત પસંદગી સમિતિએ કરાર આધારિત ભરતીની પ્રક્રિયાં કરી નિયમ મુજબ નિમણૂક કરવાની રહેશે. નાણાં વિભાગ ધ્વારા આ માટે નિયત કરેલ બોલીઓ અને શરતો આ સાથે સામેલ છે. આ શરતો સિવાય સંસ્થાની કામગીરીને અનુરૂપ કરેલ શરતો ઉમેરી શકાશે. ૧૧ માસ ના કરાર આધારિત નિમણૂક માટે સંપુર્ણપણે નિયમ મુજબની ભરતી પ્રક્રિયા અનુસરવાની રહેશે. નિયમ મુજબ અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વર્ગ. નું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે પણ જોવાનુ રહેશે.

કર્મચારીની નિમણૂંક બાદ ૧૧ માસનો કરાર પૂર્ણ થતા કરાર સમાપ્ત થયાનો આદેશ કરવો. નવેસરથી અરજી મેળવી નવી નિમણૂંક માટે કરાર કરવો. કરાર ના હુકમમાં નવેસરથી કરાર અથવા કરાર રિન્યુ કરવામાં આવે છે. તેવા શબ્દો વાપરવા નહીં

નિમણૂક કર્યા બાદ અત્રે બહાલી માટે દરખાસ્ત રજુ કરવી નહીં ૧૧ માસના કરાર આધારિત નિમણૂક માટે ની સત્તાઓ હવેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ને સોંપવામાં આવે છે.

(સહી/- આર.જી.ત્રિવેદી,)
નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના

સર્વે જિ.સ.સુ.અધિકારીશ્રીઓ તેમજ સરકારી સંસ્થાઓના વડાઓને જાણ અર્થે.

(રવાના કરનાર)

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુ.રા., ગાંધીનગર.

નિયામક સમાજ સુરક્ષાખાતાની કચેરી ,
બ્લોક નં.-૧૯ ભોંયતળિયે ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

Phone no 07923256317 fax no 023256308 Email : dir_sd@gujarat.govt.in

પરિપત્ર

નં મકમ/ સ.સુખા. /૨૦૧૩-૧૪/ ૩૧૧૩ તા.૨૯/૧૦/૨૦૧૩

વિષય- ૧૧ માસના કરાર આધારીત કર્મચારીઓની નિમણૂંક કરવાની સતા સોંપવા બાબત

સંદર્ભ- વ. ક.ના પરીપત્રનં મકમ/ સ.સુ.સ./૨૦૧૩-૧૪/ ૨૯૬૮ તા ૩૧/૮/૨૦૧૩

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વડી કચેરીના સંદર્ભમાં દર્શાવેલ પરીપત્રથી સરકારશ્રીએ ૧૧ માસની ભરતી માટે મંજૂરી આપી હોય તેવા કરાર આધારીત કર્મચારીઓની નિમણૂંક કરવાની સતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ છે. વર્ગ-૨ની દહેજ પ્રતિબંધક અધિકારીની કરાર આધારીત ભરતી માટે દર વર્ષે સરકારશ્રીની મંજૂરી મેળવવામાં આવે છે. આથી આ જગ્યાઓ સિવાયની વર્ગ-૩ અને વર્ગ-૪ની જ કરાર આધારીત નિમણૂંક કરવાની રહેશે. વર્ગ-૨ની દહેજ પ્રતિબંધક અધિકારીની જગ્યાઓ માટે કરાર આધારીત નિમણૂંક કરતાં પહેલા વડી કચેરીની મંજૂરી મેળવવાની રહે છે. આથી આવી કોઇ જગ્યાઓ ભરવામા આવેલ હોય તો તાત્કાલીક કરાર રદ કરવા અને તે અંગેની જાણ વડી કચેરીને કરવા જણાવવામાં આવે છે.

સ્થળપ્રત પર નિયામકશ્રીની સહી છે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય,ગાંધીનગર

૧૦૯૮

નકલ રવાના- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ અને સરકારી સંસ્થાઓના વડાઓને જાણ અર્થે

436 D:\B.S.NINAMA\પ્રમાણપત્ર.doc